# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **સરદાર પટેલના જીવનના મૂલ્યો અપનાવવાના અનુરોધ સાથે રાજ્યભરમાં મંત્રીઓ , સાંસદો, ધારાસભ્યોની આગેવાનીમાં એકતા યાત્રા યોજાઇ**
2. **રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ અંતર્ગત જેની સામે કેસ થયો હોવા તેવાની યાદી તૈયાર કરવા રાજ્ય પોલીસ વડાનો આદેશ.**
3. **મોડાસા નજીક ખાનગી હોસ્પિટલની એમ્બ્યુલન્સમાં આગ લાગવાથી ત્રણના મોત.**
4. **રાજ્યમાં ઠંડીનો ચમકારો વધ્યો , નલિયા 10.8 ડિગ્રી સાથે સૌથી ઠંડુ સ્થળ.**
5. **અમદાવાદમાં બૂક ફેસ્ટિવલમાં ચાર દિવસમાં ત્રણ લાખ 45 હજારથી વધુ પુસ્તક પ્રેમીઓએ મુલાકાત લીધી.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# TAPI UNITY YATRA

સરદાર વલ્લભભાઈ પટેલજીની 150મી જન્મ જયંતીના ઉપલક્ષમાં તાપી જિલ્લામાં સમાવિષ્ટ બે વિધાનસભા બેઠકો પર યુનિટી માર્ચ યોજાય રહી છે, વ્યારા ખાતેથી મંત્રી નરેશ પટેલની આગેવાનીમાં યોજાયેલી આ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

આઠ કિલોમીટર પદ યાત્રાને પ્રસ્થાન કરાવતા મંત્રી નરેશ પટેલે એક જૂથ થવા લોકોને હાકલ કરી હતી.

## બાઈટ નરેશ પટેલ (પ્રભારી મંત્રી, તાપી)

---

# UNITY MARCH MORVA HADAF

રાજ્યસભા સાંસદ ડૉ.જસવંતસિંહ પરમાર અને ધારાસભ્ય નિમિષા સુથારની ઉપસ્થિતીમાં એકતા યાત્રા અંતર્ગત મોરવા હડફ વિધાનસભા વિસ્તારમાં પદયાત્રા યોજાઈ હતી.

સરદાર સન્માન યાત્રાનું સ્વાગત કરી સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર ચઢાવી-ભાવાંજલી અર્પણ કરી હતી. મોરવા હડફ તાલુકા રાજ્યસભા સાંસદ તેમજ ધારાસભ્યે લીલીઝંડી આપી આ પદયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ યાત્રાના સમાપન પૂર્વે મોરવા હડફ ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## બાઇટ- જસવંતસિંહ પરમાર , સાંસદ

---

# UNITY PADYATRA

દાહોદમાં 'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ ' અંતર્ગત પ્રભારી મંત્રી અર્જુન મોઢવાડીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાની વિધાનસભાની પદયાત્રા યોજાઈ. પ્રભારી મંત્રી અર્જુન મોઢવાડીયા અને મંત્રી રમેશ કટારા સહિત ઉપસ્થિત સૌ મહાનુભાવોએ યુનિટી માર્ચનું પ્રસ્થાન કરાવ્યું . મોઢવાડીયાએ સરદાર વલ્લભભાઈ પટેલના એકતા, અખંડિતતા અને રાષ્ટ્રસેવાના મૂલ્યો અપનાવવા અનુરોધ કર્યો હતો.

રાજકોટ શહેર વિધાનસભા વિસ્તારમાં 7 કિલોમીટરની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. એકતા અને અખંડિતતાનું ઉદાહરણ પૂરી પાડતી આ પદયાત્રામાં વિવિધ મહાનુભાવો, શાળા કોલેજના વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

કચ્છના અબડાસા વિધાનસભા મતવિસ્તારની એકતા પદયાત્રામાં બહોળી સંખ્યામાં નાગરિકો ઉત્સાહભેર જોડાયા. આ પદયાત્રા દરમિયાન "સરદાર સાહેબ અમર રહો" અને "ભારત માતા કી જય"ના નારાઓથી વાતાવરણ ગુંજી ઊઠયું હતું.

સુરેન્દ્રનગરના વઢવાણ વિધાનસભા મતવિસ્તારમાં જિલ્લા કક્ષાની પદયાત્રા યોજાઈ હતી. નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા , સાંસદ ચંદુ ભાઈ શિહોરા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ પદયાત્રાએ 'હર ઘર સ્વદેશી- ઘર ઘર સ્વદેશી'ના સંદેશને મજબૂત બનાવ્યો હતો.

પાટણ જિલ્લામાં પણ સાંસદ ભરતસિંહ ડાભીના હસ્તે 8 કિલોમીટર લાંબી પદયાત્રાને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું.

# DGP NEW ORDER

રાજ્યના પોલીસ મહાનિદેશક – DGP વિકાસ સહાયે ગત 30 વર્ષમાં રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિના ગુનામાં પકડાયેલા આરોપીઓની તપાસ કરવા આદેશ આપ્યો છે.

તેમણે કહ્યું , આવા આરોપીઓની તપાસ કરી ચકાસણી પ્રક્રિયાને અંતે ડૉઝિયર એટલે કે, વિસ્તૃત દસ્તાવેજ તૈયાર કરવાની કાર્યવાહી 100 કલાકમાં પૂર્ણ કરવા તમામ શહેર અને જિલ્લા પોલીસ વડાઓને તાકીદ કરી છે.

---

# ARVALLI FIRE THRESS DEATH

અરવલ્લી જિલ્લાના મોડાસામાં મોડી રાત્રે એક ગમખ્વાર ઘટના સર્જાઈ હતી. જેમાં મોડાસાના રાણા સૈયદ નજીક એક એમ્બ્યુલન્સ અમદાવાદ જઈ રહી હતી . જેમાં અચાનક આગ લાગવાનો કોલ મળતા મોડાસા નગરપાલિકા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી.આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો.

જો કે ઘટનામાં એક બાળક , પુરૂષ અને મહિલા બહેન સહિત 3ના મોત નિપજ્યાં છે, જ્યારે કેટલાક વ્યક્તિઓને ઇજાઓ પહોંચી છે. દાઝી ગયેલા લોકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા હોવાની વિગતો મોડાસા નગરપાલિકા ફાયર વિભાગ દ્વારા જણાવવામાં આવી હતી.

---

# BHAVNAGAR FOREST OFFICE ARRESTED

ભાવનગરના ફોરેસ્ટ અધિકારીની પત્ની , પુત્રી અને પુત્રનો હત્યારો ખુદ ફરિયાદી, ACF શૈલેષ ખાંભલા જ નીકળ્યો છે. તેણે જ પત્ની , પુત્રી અને પુત્રની હત્યા કરી લાશ ખાડામાં દાટી દીધી હતી. પૂર્વ આયોજીત રીતે ઠંડા કલેજે ત્રણેની તેણે હત્યા કરી નાંખી હતી.

ત્રણ દિવસથી પોતાનો પરિવાર ગુમ થયો હોવાની આરોપીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. ત્યારબાદ પોલીસે ફોરેસ્ટ ક્વાર્ટરની નજીકની અવાવરૂ જગ્યાએથી જમીનમાં દાટેલા પત્ની અને બે બાળકોના મૃતદેહ શોધી કાઢ્યા હતા.

પોલીસને પહેલેથી જ ફરિયાદી ઉપર શંકા હતી અને શંકાના આધારે પોલીસે સઘન પૂછપરછ કરતા આરોપીએ કબૂલાત કરી હતી.

---

# KHAMBHALIYA SOG

દેવભૂમિ દ્વારકાના મુખ્યમથક ખંભાળિયામાંથી S.O.G.એ એક નાઈજીરીયન શખ્સ તથા અન્ય એક સ્થાનિક શખ્સને અટકાયત કરી ઘનિષ્ઠ પૂછપરછ હાથ ધરી છે.

નાઈજીરીયન શખ્સ વિઝાની મુદ્દત પૂર્ણ થઈ ગયા પછી કોઈ કારણથી ભારતમાં રોકાણ કરી રહ્યો હોવાની વિગતો બહાર આવી છે. બંનેની પૂછપરછ શરૂ કરવામાં આવી છે. વિઝા પૂર્ણ થયા પછી પણ આ શખ્સના ભારતમાં રોકાણ અંગે તલસ્પર્શી વિગતો મેળવવામાં આવી રહી છે.

---

# WEATHER

રાજ્યમાં હવે ધીમે ધીમે શિયાળો જામી રહ્યો છે.   રાજ્યના 10 જિલ્લામાં 15 ડિગ્રીથી નીચે તાપમાન નોંધાયું. નલિયા 10.8 ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર રહ્યું છે.

જ્યારે અમરેલીમાં 11.4 ડિગ્રી, ગાંધીનગર અને વડોદરામાં 12 ડિગ્રી, ડીસામાં 13 ડિગ્રી, અમદાવાદ, પોરબંદર અને રાજકોટમાં 14 ડિગ્રી જ્યારે ભાવનગર, દીવ અને ભુજમાં 15 ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું.

---

# PADMWATI BANDHOPADHYAY

સુરતની મુલાકાતે આવેલા ભારતના પ્રથમ મહિલા એર માર્શલ (નિવૃત્ત) , પદ્માવતી બંદોપાધ્યાયએ કહ્યું કે, સશસ્ત્ર દળોના પૃષ્ઠભૂમિને કારણે તેઓ શિસ્તબદ્ધ અને શારીરિક રીતે સ્વસ્થ છે.

વધુમાં તેમણે કહ્યું કે, દળોમાં તમે પહેલા ભારતીય છો. તમે સુરત, બંગાળ કે મહારાષ્ટ્રના છો, તેનાથી કોઈ ફરક પડતો નથી. દરેક સાથે સમાન વર્તન એ સૈન્યાના પાયામાં છે.

# બાઇટ- પદ્માવતી બંદોપાધ્યાય

---

# AHD BOOK FESTIVAL

અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલની ચાર દિવસમાં 3 લાખ 45 હજારથી વધુ પુસ્તક પ્રેમીઓએ મુલાકાત લીધી છે. બુક ફેસ્ટિવલની અમદાવાદની

ખાનગી તેમજ અમદાવાદ સ્કૂલ બોર્ડની કુલ થઈને  એક હજારથી વધુ સ્કૂલના 53 હજારથી વધુ વિદ્યાર્થીઓએ મુલાકાત કરી હતી.

23 નવેમ્બર સુધી અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ સાબરમતી રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર ખાતે યોજાશે. આ ફેસ્ટિવલનો મુખ્ય ઉદ્દેશ વાંચનને ઉત્સવ બનાવવાનું અને જ્ઞાનને શહેરના દરેક વર્ગ સુધી પહોંચાડવાનો છે, જે આ ફેસ્ટિવલ થકી સાકાર થતો લાગી રહ્યો છે.

---

## BK SANKALA SAMITI BETHAK

બનાસકાંઠાના પાલનપુર ખાતે સાંસદ ગેનીબેન ઠાકોરના અધ્યક્ષસ્થાને જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ સમિતિની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં સાંસદ ગેનીબેન ઠાકોરે જિલ્લા વહીવટી તંત્રની સારી કામગીરીને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, જળ જીવન મિશન, અમૃત સરોવર યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, મનરેગા, આંગણવાડી સુધારણા પ્રોજેક્ટ તેમજ આરોગ્ય-શિક્ષણ સંબંધિત યોજનાઓની જિલ્લા સ્તરે થયેલી કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

યોજનાઓના લાભાર્થીઓ સુધી લાભ ઝડપી, પારદર્શક અને અસરકારક રીતે પહોંચે તે દિશામાં જરૂરી માર્ગદર્શન પણ અધિકારીઓને આપ્યું.  સરકારી યોજનઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તેવા પ્રયાસો આદરવા સાંસદે અનુરોધ કર્યો હતો.

---

# BK BSF RALLY

B.S.F. તેનો 61 મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. આ ઉજવણી સંદર્ભે રાષ્ટ્રીય એકતા, રાષ્ટ્રીય સુરક્ષામાં તેના યોગદાન અને ડ્રગ્સના દુરુપયોગ સામે લોકોમાં જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી બાઇક રેલી યોજાઇ છે.

રાષ્ટ્રીય એકતા પર જાગૃતિ લાવવાના નારા સાથે જમ્મુ (જમ્મુ અને કાશ્મીર) થી ભૂજ (ગુજરાત) સુધી એક મોટર સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે, 9 નવેમ્બરથી 20 નવેમ્બર સુધી ચાલનારી આ સાયકલ રેલી જમ્મુથી ભૂજ સુધી આશરે એક હજાર 648 કિલોમીટરનું અંતર કાપશે.

આ સાયકલ યાત્રા વાવ થરાદ જિલ્લાના માવસરી, સુઈગામ નડાબેટ બોર્ડર ખાતે પહોંચી હતી, સુઈગામ ખાતે આગેવાનો અને સુઈગામ પોલીસ દ્વારા સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે B.S.F.ના ડેપ્યુટી કમાન્ડેન્ટ ભુવનકુમારે યુવાનોને B.S.F.માં જોડાવાની અપીલ કરી હતી.

## ભુવનકુમાર ડે. કમાન્ડેન્ટ BSF

---

# COMMON WEALTH CHESS

મલેશિયાના કુઆલાલુમ્પૂર ખાતે યોજાયેલી કોમનવેલ્થ ચેસ ચેમ્પિયનશીપમાં રાજ્યની અદિત્રી શોમે અને સિયા સાગરે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. અંડર-14 ગર્લ્સ કેટેગરીમાં બંને ચેસ ચેમ્પિયનો અજય રહી અને 8.5ના અંક સાથે ટોચ પર રહી હતી.

---